SHABDBRAHM VOLUME 1, ISSUE 1, APRIL 2025

# ગાંધીયુગની નવલકથાઓમાં વ્યક્ત થતી દલિત ચેતના

ડૉ.ભારતી એમ.આચાર્ય

ગુજરાતી વિભાગ

સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ,નડિયાદ

Bharti2027acharya@gmail.com

Page 39 to 45

## પૂર્વભૂમિકા

ગુજરાતીમાં નવલકથા સ્વરૂપનો આરંભ થાય છે, એ પૂર્વે ૧૮૬૨માં સોરબશા મુનસફ ‘હિન્દુસ્તાન મધ્યેનું એક ઝૂપડું’ અનુવાદિત નવલકથામાં આજના દલિત સાહિત્યનાં તમામ વ્યાવર્તક લક્ષણો જોવા મળે છે. એ પછી ગુજરાતના જન–જીવનમાં ગાંધી વિચારધારાનો પ્રભાવ વધ્યો એ સાથે ગુજરાતી સાહિત્યમાં આઝાદીની ચળવળ, સમાજ સુધારો, ગ્રામોદ્ધાર, વગેરે ચળવળ જીવનમાં તેમ એ ગાળાના સાહિત્યમાં ઝીલાઈ.એ સાથે ત્રીસીના ગાળામાં ગુજરાતી સાહિત્યક્ષેત્રે દલિત–પીડિત સંવેદના અને ગ્રામજીવનનો પ્રવેશ થયો. ગાંધીયુગની ગુજરાતી નવલકથામાં ગ્રામજીવનની સાથે દલિત વર્ગની સવર્ણ ઉજળિયાત જ્ઞાતિઓ દ્વારા જોહુકમી,શોષણ, ઉપેક્ષા અને અત્યાચારના કથા ચિત્રો ઝવેરચંદ મેઘાણીની નવલકથાઓમાં જોવા મળે છે.દલિત સમાજને સદીઓથી નડતી અસ્પૃશ્યતાની સમસ્યાના નિવારણને ગાંધી પ્રભાવ પ્રેરિત સંસ્થાઓના રચનાત્મક કાર્યક્રમમાં મોખરાનું સ્થાન મળ્યું ત્યારથી દરિદ્રનારાયણ,દીન–હીન,પીડિત વર્ગની વિષમ પરિસ્થિતિ અને એ સમસ્યાના ઉપાય પણ ર.વ દેસાઈની ‘ગ્રામલક્ષ્મી’ જેવી હેતુલક્ષી નવલકથાઓમાં દર્શાવાય છે.એવી જ રીતે સ્નેહરશ્મિની ‘અંતરપટ’, ઈશ્વર પેટલીકરની ‘કલ્પવૃક્ષ’ વગેરેમાં દલિત–શ્રમજીવી વર્ગની જીવનચર્યાનો ચિતાર જોવા મળે છે.

ટૂંકીવાર્તાની સરખામણીએ નવલકથામાં લેખકને સ્થળ,કાળ,પરિવેશનની ઘટના બહુલાતાની મોકળાશ પ્રાપ્ત થતી હોય છે. પરિણામે કવિતા કે નવલિકાની સરખામણીમાં નવલકથામાં દલિત વિશ્વ એની પૂરી માંસલતા સાથે પ્રગટ થવાની સંભાવના ઊભી કરી આપે છે. નવલકથાનો પટ વિશાળ હોવાને

કારણે તેમાં દલિતોની વેદના–વ્યથા, રહેણી–કરણી એમનો પહેરવેશ, એમના રીવાજો, એમના વ્યવસાયો,

એમની ધાર્મિક, સાંસ્કૃતિક ગતિ–વિધિ વગેરેનું સઘનચિત્ર કવિતા અને નાવલિકાને મુકાબલે નવલકથામાં વધારે સારી રીતે આલેખી શકવાની શક્યતા છે.

**'દિવ્યચક્ષુ' (૧૯૩૧) – રમણલાલ વસંતલાલ દેસાઈ**

આ નવલકથામાં લેખકે અસ્પૃશ્યતા નિવારણ, સમાજસેવા, સ્વદેશી આંદોલન, સ્ત્રી સ્વાતંત્ર્ય, પોલીસના અત્યાચાર, અંગ્રેજ અમલદારોની સીધી કે આડકતરી જોહુકમી, રાષ્ટ્રીય ઉત્થાન અને સામાજિક પરિવર્તન વગેરે સમકાલીન વિચારો–ભાવનાઓનું આલેખન કર્યું છે. આ સાથે અરુણ–રંજન,અરુણ–પુષ્પા,સુશીલા–જનાર્દન અને રંજન પ્રત્યે વિમોચનના પ્રણયની કથા પણ વણી લીધી છે.

લેખકે અહીં ગાંધીજી પ્રેરિત સ્વચ્છતા અભિયાન દ્વારા ભંગી સમાજ પ્રત્યે થઈ રહેલા વ્યવસાયગત ઘૃણાને નાબૂદ કરવાનો સભાનપણે પ્રયત્ન કર્યો છે.

**'હવે તો ભંગી પણ સારું પહેરતા અને શુદ્ધ બોલતા થયા છે.'**[૧]

**'હલકી કોમો ચોખ્ખું બોલે એમાં બીજાઓને શા માટે ખોટું લાગવું જોઈએ તે સમજાતું નથી.તથાપિ હલકી કહેવાતી કોમોના આચાર ઉચ્ચાર થતો સુધારો ઊંચી ગણાતી કોમો સરળતાથી સહન કરતી નથી એ જાણીતી વાત છે.'**[૨]

અંધપાત્ર ધના ભગત દ્વારા સમાજમાં વ્યાપેલા જાતિભેદ અને છૂઆછૂતને તર્કબદ્ધરૂપે નાબૂદ કરવાનો પ્રયત્ન કર્યો છે. ધનો ભગત ભગવાનનો માણસ છે.તે પોતાના દુશ્મનનો પણ શુભચિંતક–હિતચિંતક છે.એક વખત બજારમાં કોઈ બ્રાહ્મણને અનાયાસ જ અડી જવાથી ધનાભગત અને તેને દિશા બતાવનાર બાળક કિસનને ઢોર માર મારવામાં આવે છે. નૃસિંહલાલ જેવા પોલીસ અધિકારી તેમને રક્ષણ આપવાને બદલે જાતિદ્વેષથી ઘૃણા કરે છે. આ જુલમ વૃત્તિના મૂળ એટલાં ઊંડા છે કે એને અઘટિત સમજનારા પુલીસ અમલદાર નૃસિંહલાલ પણ એને વ્યવહારમાંથી નિર્મૂળ કરી શકતા નથી.

**'સાલો ઢેડ ! હરામખોર અડકે છે; અભડાવે છે અને પાછો સામો થાય છે.એનું ચામડું ચીરી નાખીશ.'** [3]

આવા અપમાન જનક શબ્દો સાંભળે છતાં ધનોભગત વિનંતીના સૂરમાં કહે છે–

**'આ રહ્યો,બાપા ! છોકરાની ભૂલ થઈ હોય તો હું એના વતીનો એમને પગે પડું છું.છોકરું છે;એને શી સમજ?'[૪]**

નૃસિંહલાલ ધના ભગતને પૂછે છે કે,

**'તારે ફરિયાદ કરવી છે ?'[૫]**

ત્યારે ધના ભગત કહે છે :

**'ના રે ના સાહેબ ! અમારે ગરીબને ફરિયાદ શી ? એ ભાઈને એવી સમજ પડી તો એમ; બે ગડદા ખાઈ લીધા. ભગવાન બધાનું ભલું કરો ! મારે ફરિયાદ કેવી ?' [૬]**

ધનો ભગત પોલીસને ફરિયાદ કરતો નથી પણ ભગવાન બધાનું ભલું કરે એવું કહે છે પણ સવર્ણ અરુણ પેલા વૃદ્ધના આ શબ્દો સાંભળીને આશ્ચર્યમુગ્ધ થઈ જાય છે. પોતાને મારનારનું પણ ભલું ઈચ્છનાર એ ઢેડમાં વધારે બ્રાહ્મણત્વ, કે સ્પર્શ માત્રથી અપવિત્ર બની એક અંધ વૃદ્ધ અને બાળકને માર મારનાર બ્રાહ્મણોમાં વધારે બ્રાહ્મણત્વ? અહીં લેખકે નાબૂદ થઈ રહેલી 'મનુષ્યતા' પર પ્રહાર કર્યો છે જે એક મનુષ્ય બીજા મનુષ્યના માત્ર સ્પર્શથી અપવિત્ર બની જાય એમાં સત્ય કેટલું ? માત્ર બાહ્ય વ્યવહારથી સ્થૂળ ભૂમિકાએ નહીં,દેખાડો કરવા ખાતર નહીં પણ માનસિક ભૂમિકાએ આભડછેટનો ભાવ ન રહે તો જ આ ઉપેક્ષિત વર્ગને શોષણમાંથી મુક્તિ મળી કહેવાય એ સત્ય લેખકના ધ્યાન બહાર નથી.ચુસ્ત વૈષ્ણવ ધનસુખલાલ અહીં એ મનોભૂમિકાએ મુકાય છે.કિશન તાવમાં સપડાયો છે. તેને સારું થઈ જાય એ માટે પુષ્પા માનતા રાખે છે ત્યારે તેને લઈને હરિ મંદિરમાં દર્શન કરાવવા લઈ જવાની છૂટ ધનસુખલાલ આપે છે. તાવમાં સપડાયેલો કિશનની ખબર કાઢી આવ્યા પછી એમના મનમાં પ્રશ્ન ઉદ્ભવે છે – "આટલું જઈ આવ્યાં તે શું બસ હતું ? તેને સારામાં સારી હવાનો લાભ કેમ ન અપાય ? તેને ઝૂંપડી કેમ ન છોડાવાય ? તેને અડકીને બરફ કેમ ન મૂકાય ?" – આ દલિતોને સામાજિક ન્યાય આપવાની જ વાત છે.આ ઉપરાંત અરુણ અને જનાર્દનને પણ અસ્પૃશ્ય તથા સ્ત્રીઓને પણ સ્વાતંત્ર્ય લડતના અભિયાનમાં સમાન સ્થાન અપાવ્યું.રંજનને પણ ભગત અને કિસન પ્રત્યે સહાનુભૂતિ થાય છે. કિશનની ખબર પૂછીને ઘેર આવેલી સુશીલા સ્નાન કરે છે ત્યારે રંજનને એમ લાગે છે કે આમ કરીને તો એ આખા દલિત સમાજનું અપમાન કરી રહી છે. સુશીલા પોતે પણ પછી પૂજા કરતી વખતે એમ અનુભવે છે કે ઠાકોરજી જાણે હસતાં હસતાં પૂછે છે કે, 'અત્યંજની સારવાર દેહને પવિત્ર બનાવે કે માત્ર સ્નાન ?

અને આ યુવાન વિધવાને સત્ય સમજાય છે કે અસ્પૃશ્યતા પણ ફરજિયાત વૈધવ્ય સરખું જ શોષણકૃત્ય છે.

આમ, આ નવલકથામાં લેખકે સવર્ણ પાત્રોની બદલાતી માનસિકતાનો પરિચય કરાવ્યો છે પણ સવર્ણ માનસિકતા સંપૂર્ણ બદલાઈ છે એવું નથી. કેટલાંક પાત્રોના મનમાં ઊંડે ઊંડે પણ અસ્પૃશ્યતા રહેલી જોઈ શકાય છે. આ ઉપરાંત દલિતોમાં પણ આત્મગૌરવ, સ્વાભિમાન, સ્વમાનની લાગણી છે તે પણ લેખકે દર્શાવ્યું છે. આવનાર પેઢી દલિત સ્થિતિમાંથી કદાચ મુક્ત થઈ શકશે એવો અણસાર અહીં જોઈ શકાય છે. ભાષા સરળ છે પણ વિષયવસ્તુનું સંયોજન અસરકારક નથી.

**'ગ્રામલક્ષ્મી' – રમણલાલ વસંતલાલ દેસાઈ**

આ નવલકથામાં ર.વ દેસાઈએ પ્રવર્તમાન દુષણને દૂર કરવા માટે ગામોદ્ધારના એક પછી એક કાર્યક્રમો શિક્ષિત કથાનાયક અશ્વિન દ્વારા કરાવી બદલાતા ગ્રામજીવનની ઝાંખી કરાવી છે. અશ્વિન ઉંચી કોમનો હિંદુ છે. અશ્વિન નોકરીની શોધ આદરે છે પણ તેમાં તેને સફળતા મળતી નથી. પોતાની શેરીમાં આવતા પગ ભારે થાય છે, પાછા જવાનો વિચાર કરે છે,ઘરે પહોંચીને જમતો નથી, અને જે રીતે વાત કરે છે એમાં નોકરી ન મળ્યાની ભારે નિરાશા પ્રગટ કરે છે. નોકરીમાં નિષ્ફળતા મળતા અશ્વિન પત્નીને ઊંઘાડીને તળાવમાં ડૂબીને આપઘાત કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેની સમક્ષ ગ્રામલક્ષ્મી પ્રગટ થઈને તેને ગામડાની સેવા કરવાનો આદેશ આપે છે. ત્યારબાદ કથાનાયક ગામડાના ઉદ્ધાર માટે એક પછી એક કાર્ય આરંભે છે. જેવા કે શિક્ષણ, ગ્રામ સફાઈ,સ્ત્રી ચેતના, વિધવા વિવાહ, હિંદુ–મસ્લિમ ઐક્ય અને નિવારણ વગેરે. અહીં 'દિવ્યચક્ષુ' ની જેમ અસ્પૃશ્યતાનો પ્રશ્ન ગૌણ રૂપે રજૂ થયો છે. ભીલ અને કોડી જાતિના મજૂરો ન મળે ત્યારે જ અંત્યજને કામે રાખે છે અને એ સંજોગોમાં પણ એમના પ્રત્યેનો તિરસ્કાર તો દૂર થતો જ નથી. રામા પટેલ અને તેમના પુત્રોનો કાનજી સાથેનો વ્યવહાર આનાં દ્રષ્ટાંતો છે. અંત્યજોને એટલો શારીરિક, માનસિક ત્રાસ આપે છે કે ખુદ કાનજીએ પણ પોતાની જાતને અસ્પૃશ્ય તરીકે સ્વીકારી લીધી છે.એ આ પરિસ્થિતિની સૌથી મોટી કરુણતા છે.આ શોષણ, અપમાન કેટલી હદનું છે તે જોઈએ–

ખેતરથી પાછો ફરતા અશ્વિન જુએ છે કે અત્યંજને ગામને કૂવેથી પાણી ભરવાનો હક્ક નથી તેની વિનવણીઓ ઊજળિયાત સ્ત્રીઓ લક્ષમાં લેતી નથી અને કૂવો કોઈ સમરાવી આપતું નથી તેમ બીજો કૂવો કરાવવા જેટલા પૈસા તેમની પાસે નથી.સવર્ણોની નફટાઈ તો ત્યારે જોવા મળે છે જયારે તળાવની

તૂટેલી પાળીમાંથી ધસતાં પાણીને રોકવા વણકર કાનજી વિષ્ણુરામના હાથમાંથી ડાંગ લે છે તેથી ગુસ્સે થઈ વિષ્ણુરામ તેને તળાવમાં ધકેલી દે છે.

આમ, આ નવલકથામાં ગ્રામોદ્ધારની વાત કથારૂપે ગૂંથતા લેખકે ગ્રામજીવનની પ્રવર્તમાન પરિસ્થિતિની તીક્ષ્ણતાને વેધક રીતે આલેખી છે.

**'સોરઠ તારાં વહેતાં પાણી' (૧૯૩૭) – ઝવેરચંદ કાળીદાસ મેઘાણી**

આ નવલકથા ૧૯૩૭માં પ્રગટ થઈ હતી.ઓગણીસમી સદીના અસ્ત અને વીસમી સદીના ઉઘાડના સમયની સોરઠી જીવનની વાતાવરણ પ્રધાન પ્રાદેશિક નવલકથા છે.નાયક નહિ,નાયિકા નહિ,પ્રેમનો ત્રિકોણ એવી આ સોરઠી જીવનની જનકથા છે. નાયક આખો જન સમાજ છે. અહીં લેખકે વેઠિયાઓનું દારુણ ચિત્ર ઉપસાવ્યું છે.

**'વસુંધરાના વહાલાં દવલાં'(૧૯૩૭) – ઝવેરચંદ કાળીદાસ મેઘાણી**

આ નવલકથામાં દલિત સંઘર્ષ નિરુપાયો છે.કથાનું પાત્ર અમરચંદ શેઠ એક તરફ તેજુના પિતાને ગામમાંથી હાંકી કાઢવાની યોજનાઓ ઘડે છે અને બીજી બાજુ કપાસ ચોરી કરાવવામાં એનો ઉપયોગ કરે છે.જે લોકો વિષયવાસનાથી પ્રેરાઈને તેજુના તંબુની આસપાસ આંટાફેરા કરે છે તેઓ જ તેને માનવભક્ષીણી કહીને ગામમાંથી હાંકી કાઢે છે ! આ પ્રસંગમાં દલિતોની યાતનાઓ,પીડાઓ માટે સમાજનો ઉપલો વર્ગ જ જવાબદાર છે.પ્રપાત શેઠે તેજુનું શીયળ લૂંટ્યું છે, તેના પુત્રને રઝળાવ્યો, ગરીબો પીડિતોને લૂંટવાનું કે સગર્ભા સ્ત્રીઓને ઘરબહાર કાઢીને કરજ વસૂલ કરે છે. લખડીનું પણ શોષણ થાય છે,તે વેચાય છે,જેલમાં જાય છે, જાત વેચ્યા છતાં એના પૈસા મળતા નથી. શીલા અને નંદુને પણ ભૂખના દુઃખે અને ધનિકો દ્વારા થતાં શોષણે જ અવળે માર્ગે વાળ્યાં છે.આ નવલકથામાં લેખકે દલિતોને થતાં શોષણ, પીડાઓ,યાતનાઓ અને નારી સંવેદનનો ચિતાર આપ્યો છે.

આ ઉપરાંત તેમની પાસેથી 'કાળચક્ર' નામની નવલકથા પણ પ્રાપ્ત થાય છે. આ નવલકથામાં લેખકે ૧૯૪૦–૫૦ના સમયની સામાજિક સમસ્યાઓનો ચિતાર આપ્યો છે. અહીં પણ દલિત ચેતના કેન્દ્રસ્થાને છે.

**'કલ્પવૃક્ષ' – ઈશ્વર પેટલીકર**

આ નવલકથામાં ગુજરાતના ખેડા જીલ્લાના વણકરોની આપવીતી વ્યક્ત થઈ છે. તત્કાલીન હરિજન સમાજનું વેધક ચિત્ર અહીં ઉપસાવ્યું છે. કથાનાયક વડોદરાની છાત્રાલયમાં ભણતો યુવાન ગણેશ છે. ગણેશ સરલા, મૂળચંદ, ચંદુ મોટાભાઈ વગેરે પાત્રોનું જીવંત આલેખન કર્યું.

જીવણબાપા કહે છે કે, **"સ્વરાજ આવ્યું છે. હરિજનોને બીજા નાગરિક જેટલા હક્ક મળ્યા છે પરંતુ એ હક્કોનો ભોગવટો કરી શકે તેવી સ્થિતિ હરીજનોમાં આવી નથી આજે સમાજ એ માટે તૈયાર નથી. આ સ્થિતિમાં તમારા જેવા ભણેલા વર્ગની જવાબદારી અનેકગણી છે. આજે પચ્ચીસ વર્ષથી આ છાત્રાલય ચાલે છે. છતાંય એનો ગૃહપતિ તમારામાંથી આવ્યો નથી...સવર્ણો સેવા કરશે પણ તે ઉપર ઉપર જ, અંદર ઊંડાણની એમને ખબર નહિ પડવાની અને પડશે તો પણ એને બાળી દેવા જેવો વડવાગ્નિ એમના સેવાકુંડમાં પ્રકટાવવાનો નહિ.કોઈવર્ગની નક્કર સેવા તે વર્ગનો માણસ જ કરી શકે" ૭**

જીવણબાપનું આ વક્તવ્ય સાંભળીને દલિત યુવાન ગણેશનું હૃદય પરિવર્તન થતાં બી.એ.ની પરીક્ષાને આગલે દિવસે,ડીગ્રીની ચિંતા કર્યા વગર, પોતાના વણકર સમાજની સેવા કરવા પહોંચી જાય છે અને અસ્પૃશ્યતા નિવારણ માટે પ્રયત્ન કરવા લાગી જાય છે. તેના આ કાર્યોમાં અનેક અવરોધો,મુશ્કેલીઓ પણ આવે છે. સવર્ણ મોટાભાઈ પોતાની ખાળીમાંકામ કરતા દલિત કોમના લોકોને રોજીરોટી છીનવાઈ લેવાની ધમકી આપીને ગણેશને સાથ–સહકાર આપતા રોકે છે પરંતુ બીજી તરફ વિધવા સરલાનો એ જ ગામની ભાણી હોવાને નાતે તેને પૂરો સાથ–સહકાર આપે છે. સરલા હરિજન આશ્રમની પ્રવૃત્તિ દ્વારા ખરા અર્થમાં અસ્પૃશ્યતા નિવારવા કટિબદ્ધ બને છે. ગણેશ પોતાનાં સમાજ માટે પ્રતિબદ્ધ છે.તો બીજી બાજુ એમના જ સમાજના કેળવણી પામેલ વિદ્યાર્થીઓ પોતાનાં જ ભાઈ–ભાડુંઓ માટે લડવાને બદલે પોતાની આર્થિક સ્થિતિ સુધારવામાં રચ્યા–પચ્ચા રહે છે તેથી ગ્રામજીવન જીવતા હરિજનોની સ્થિતિ વધુ કરુણ બને છે. પણ આ બાબતથી ગણેશ વાકેફ છે એટલે તે પોતાના જ વાસથી અસ્પૃશ્યતા નિવારવાનો પ્રયત્ન કરે છે.ગણેશ જયારે ભંગીને ત્યાં પાણી પીને આવે છે. ત્યારે તેની સાથે આવેલા જે ગામલોકો હતા તે પણ એના પર ખ્રિસ્તી થયાનો મુકાયેલ આરોપ સાચો માની છે અને એને હેરાન કરે છે પણ ગણેશ કોઈપણ જાતનો ડર રાખ્યા વગર કહે છે,

> **"આપણે જો ભંગીને સરખા હક્ક આપવા તૈયાર ન હોઈએ તો સવર્ણો પાસે અસ્પૃશ્યતા ટાળવાનું કહીએ તે શોભે નહિ."** ૮

અહી લેખકે દલિત સમાજનું રોજબરોજના જીવનનું આબેહુબ આલેખન કર્યું છે. ગણેશ, સરલા, મોટાભાઈ, મૂળચંદ, ચંદુ વગેરે પાત્રો જીવંત લાગે છે. વાસ્તવના નિરૂપણમાં સર્જકની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિનો પરિચય થાય છે. આ ઉપરાંત વાસ્તવદર્શી વર્ણનશૈલીને કારણે પણ આ નવલકથા નોંધપાત્ર છે.

**'અંતર પટ' – સ્નેહરશ્મિ**

સ્નેહરશ્મિ**ની 'અંતરપટ'** ગાંધીવિચાર પ્રભાવ હેઠળ હરિજન સમસ્યા સાથે સંકળાયેલી નવલકથા છે. અહી કથાનાયિકા પની ને કથાનાયક કેશુ બંને હરિજન જ્ઞાતિના છે. અહીં પની પિતાના આગ્રહથી શહેરના કન્યાગૃહમાં શિક્ષણ મેળવીને શિક્ષિત યુવક કેશુ સાથે લગ્ન કરે છે. તત્કાલીન સમાજમાં રહેલા અસામનતાના ખ્યાલોમાં વારંવાર ભોગ બનવાનું પનીને ભાગે આવ્યું અને એનો સામનો પણ કરે છે. પની પોતાનાં ગામના જ બ્રાહ્મણ યુવક નરહરિથી આકર્ષાય છે અને તેનાં દાંપત્યજીવનમાં અનેક સમસ્યાઓ ઊભી થાય છે. કથાના અંતે મૃત્યુક્ષણોને જીવતા કેશુના પ્રેમના અનુભવથી પતિ–પત્ની અંતરપટ છેદાય છે. કારદુર્ઘટનામાં ઘવાયેલો કેશુ **અંતે** મૃત્યુ પામે છે. કેશુનું મૃત્યું પની પર એક ઘેરી છાયા છોડી જાય છે. નવલકથાનું કથાવસ્તુ સર્જકના પાત્રો સધાયેલી સંવેદનાને કારણે રસપ્રદ બન્યું છે.

આમ, દલિત વિષયવસ્તુ, દલિતપાત્રો, દલિત સમસ્યા અને દલિત સંવેદના અભિવ્યક્ત કરતી નવલકથાઓમાં ગાંધીયુગના લેખકો દ્વારા સહાનુભૂતિ પૂર્વક ઠીક ઠીક લખાઈ છે.

**સંદર્ભ સૂચિ :**


- દેસાઈ, રમણલાલ વસંતલાલ(૧૯૮૧). દિવ્યચક્ષુ,પંદરમી આવૃત્તિ.
- પેટલીકર, ઈશ્વર (૧૯૫૬). કલ્પવૃક્ષ,પ્રથમ આવૃત્તિ.
- મેઘાણી, ઝવેરચંદ( 1995). સોરઠ તારાં વહેતાં પાણી ,ત્રીજી આવૃત્તિ
- વ્યાસ, ગુણવંત (૨૦૦૮). દલિત સાહિત્ય અભ્યાસ અને અવલોકન,પ્રથમ આવૃત્તિ.
- ચૌધરી રઘુવીર અને શર્મા રાધેશ્યામ (૧૯૭૭). ગુજરાતી નવલકથા, પ્રથમ આવૃત્તિ
- ડૉ. ઠાકર, ધીરુભાઈ(૧૯૯૪). અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગાંધીયુગ.